**ફોજદારી કેસ નં. (નવો) : ૯૦૦૩૮૪/૨૦૦૭**

**-: આંક-૧ લગત હુકમ :-**

૧. સદર કામે ફરિયાદી ધ્વારા ફરિયાદ રજુ કવામાં આવેલ જે અન્વયે આરોપી સામે ભારતીય દંડ સંહિતા ની કલમ ૪૦૬ મુજબ નો પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે અન્વયે ફરિયાદી એ ચાર્જ બાબત નો પુરાવો રજુ કરવાનો થાય

૨. ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૫ ધ્યાને લેતા ફરિયાદી તરફે રજુ કરવામાં આવેલ પુરાવા ના આધારે જો આરોપી સામે તહોમતનામું ફરમાવવા માટે નો કોઈ પુરાવો ન હોય તો આરોપી ને બીન તહોમતે મુકત કરવા જોઈએ, પરંતુ સદર કામે રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદી તરફે ચાર્જ બાબત નો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

૩. સદર કામે જયારે ફરિયાદી પોતે હાજર રહેતા ન હોય, તેમજ તારીખ ૧૧/૯/૨૦૦૭ થી સદર કામ ચાર્જ ના પુરાવા માટે ચાલે છે, તેમ છતા ફરિયાદી પોતે હાજર રહી પુરાવો રજુ કરેલ નથી, તેમજ ફરિયાદી તરફે કોઈ સાહેદ નો પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી, આમ સદર કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતા ની કલમ ૪૦૬ મુજબ નું તહોમતનામું ફરમાવવા માટે નો કોઈ પુરાવો ફરિયાદી તરફે રજુ કરવામાં આવતો ન હોય તે સંજોગો માં આરોપી ને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૫(૧) અન્વયે બીન તહોમતે મુકત કરવા સિવાય બીજો વિકલ્પ ન હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

આથી, આ કામેના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૫(૧) અન્વયે બિન-તહોમત

મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૦૩/૦૧/૨૦૧૮.**
**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Prakash B. Patel, P.A.**